SC

[A-46G] Seat No. ________ No. of printed pages: 5

# SARDAR PATEL UNIVERSITY
## B Com (V Semester) Examination
## 2016
## Saturday, 7th May
## 2.30 pm - 4.30 pm
## UB05ECOM01/13 - Advanced Accounting & Auditing: Paper IX

કુલ ગુણ : ૬૦

નોંધ: જમણી બાજુ દર્શાવેલ આંક ગુણ દર્શાવે છે.

પ્ર.૧ એક કંપની બે વસ્તુઓ 'X' અને 'Y'નું ઉત્પાદન કરે છે. તેમની સમક્ષ નીચેના સ્વતંત્ર વિકલ્પો છે. (૧૫)

(અ) વસ્તુ 'Y'ના વધારાના ૨૫૦૦૦ એકમોનું ઉત્પાદન અને વેચાણ કરવું પરંતુ જો વસ્તુ 'X'ના ઉત્પાદનમાં ૩૦૦૦૦ એકમોનો ઘટાડો થાય.

(બ) વસ્તુ 'X'ની એકમદીઠ વેચાણ કિંમત ૦.૩૦ રૂ. ઘટાડવી જેથી તેના વેચાણમાં ૨૫% વધારો થાય.

(ક) વસ્તુ 'X'ના ૭૦૦૦૦ અને વસ્તુ 'Y'ના ૧૨૦૦૦૦ એકમોનું ઉત્પાદન અને વેચાણ કરવું.

કંપનીના એકાઉન્ટન્ટે નીચેના પરિણામો રજૂ કર્યા છે.

| | X | Y |
|---|---|---|
| વેચાણ (એકમોમાં) | ૬૦૦૦૦ | ૧૦૦૦૦૦ |
| વેચાણ મૂલ્ય | રૂ. ૩૬૦૦૦૦ | રૂ. ૯૦૦૦૦૦ |
| વેચાણ માલની પડતર | રૂ. ૨૭૦૦૦૦ | રૂ. ૬૭૫૦૦૦ |
| કાચો નફો | રૂ. ૯૦૦૦૦ | રૂ. ૨૨૫૦૦૦ |
| – વેચાણ વિતરણ ખર્ચા | રૂ. ૬૫૦૦૦ | રૂ. ૧૬૫૦૦૦ |
| | રૂ. ૨૫૦૦૦ | રૂ. ૬૦૦૦૦ |

કુલ ચલિત ખર્ચા અનુક્રમે વસ્તુ X અને વસ્તુ Y માટે રૂ. ૧૮૦૦૦૦ અને રૂ. ૩૬૦૦૦૦ છે જે, જે તે વસ્તુઓના વેચેલ માલની પડતરમાં સમાયેલ છે.

તમારા સૂચનોની તરફેણમાં સંચાલકોને રજૂ કરવાના પત્રકો રજૂ કરો.

અથવા

પ્ર.૧

(અ) એક ઉત્પાદક વિચારે છે કે તેણે તેની ઉત્પાદન શ્રૃંખલામાંથી એક વસ્તુનું ઉત્પાદન બંધ કરી, તેના બદલે બીજી નવી વસ્તુ દાખલ કરવી કે નહીં. (૦૭)

વર્તમાન સ્થિતિને લગતી ઉત્પાદન પડતરની વિગતો નીચે મુજબ છે.

| વસ્તુ | એકમદીઠ વેચાણ કિંમત (રૂ.) | એકમદીઠ ચલિત ખર્ચ (રૂ.) | કુલ વેચાણમાં વસ્તુનો ફાળો (હિસ્સો) ટકાવારીમાં (%) |
|---|---|---|---|
| A | ૮૦ | ૬૦ | ૨૦ % |
| B | ૧૦૦ | ૭૦ | ૫૦ % |
| C | ૧૬૦ | ૧૦૦ | ૩૦ % |

કુલ વાર્ષિક સ્થિર ખર્ચા રૂ. ૫૦૦૦૦

કુલ ગયા વર્ષનું વેચાણ રૂ. ૨૦૦૦૦૦

વસ્તુ 'M' ની તરફેણમાં વસ્તુ 'A' નું ઉત્પાદન બંધ કરવાની વિચારણા છે. જો આ ફેરફાર કરવામાં આવે તો વસ્તુઓના ઉત્પાદન અને પડતરનો અંદાજ નીચે મુજબ રહેશે.

| વસ્તુ | એકમદીઠ વેચાણ કિંમત (રૂા.) | એકમદીઠ ચલિત ખર્ચ (રૂા.) | કુલ વેચાણમાં વસ્તુનો ફાળો (હિસ્સો) ટકાવારીમાં (%) |
|---|---|---|---|
| M | ૧૨૦ | ૬૦ | ૧૫ % |
| B | ૧૦૦ | ૭૦ | ૪૫ % |
| C | ૧૬૦ | ૧૦૦ | ૪૦ % |

કુલ સ્થિર ખર્ચ વાર્ષિક રૂા. ૫૦૦૦૦

કુલ ચાલુ વર્ષે વેચાણ રૂા. ૨૦૦૦૦૦

શું આ દરખાસ્ત સ્વીકારવી જોઈએ ? તમારા જવાબની તરફેણમાં જરૂરી ગણતરીઓ દર્શાવો.

(બ) નીચેની વિગતો પરથી નફાકારક ઉત્પાદન મિશ્રણ શોધો અને તે નફાકારક મિશ્રણે નફો દર્શાવતું પત્રક તૈયાર કરો. (૦૮)

| વિગત | રૂા. A | રૂા. B | રૂા. C |
|---|---|---|---|
| અંદાજપત્રક મુજબ ઉત્પાદન અને વેચાણ (એકમોમાં) | ૨૦૦૦ | ૩૦૦૦ | ૧૦૦૦ |
| એકમદીઠ વેચાણ કિંમત (રૂા.) | ૮૬ | ૭૯ | ૬૫ |
| પ્રત્યક્ષ માલસામગ્રી | ૬ કિગ્રા. | ૪ કિગ્રા. | ૫ કિગ્રા. |
| પ્રત્યક્ષ મજૂરી (કલાકો) | ૫ કલાક | ૪ કલાક | ૩ કલાક |
| ચલિત પરોક્ષ ખર્ચા (રૂા.) | ૧૦ | ૧૫ | ૮ |
| સ્થિર પરોક્ષ ખર્ચા (રૂા.) | ૧૨ | ૧૨ | ૧૨ |
| કિલોગ્રામદીઠ માલસામાન પડતર | ૬ રૂા. | ૬ રૂા. | ૬ રૂા. |
| કલાકદીઠ મજૂરી દર | ૩ રૂા. | ૩ રૂા. | ૩ રૂા. |
| મહત્તમ શક્ય વેચાણ (એકમોમાં) | ૩૦૦૦ | ૪૦૦૦ | ૧૫૦૦ |

ત્રણેય વસ્તુઓમાં એક જ પ્રકારનો કાચો માલસામાન વપરાય છે અને એક જ પ્રકારના મશીન અને મજૂરોની વપરાશ થાય છે. પ્રત્યક્ષ મજૂરી ચાવીરૂપ પરિબળ છે જે ૨૫૦૦૦ કલાક સુધી મર્યાદિત છે.

પ્ર.૨ એક કંપનીની ઉત્પાદન શક્તિ વાર્ષિક ૧૦૦૦૦૦ એકમોની છે, પરંતુ કંપનીને ઉત્પાદન શક્તિના ૭૫% માટે જ લાઈસન્સ મળેલું છે. પરંતુ સરકારે તેને એવો વિકલ્પ આપ્યો છે કે જો તેને વધારાનું ઉત્પાદન નિકાસ કરીને વિદેશી હુંડીયામણ કમાવી આપે તો તેને પુરી ઉત્પાદન શક્તિએ (૧૦૦%) ઉત્પાદન કરવા દેવામાં આવશે. પુરી શક્તિએ (૧૦૦%) તેના ખર્ચા નીચે પ્રમાણે છે. (૧૫)

| | |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન ખર્ચ | એકમદીઠ રૂા. ૪ |
| પ્રત્યક્ષ મજૂરી ખર્ચ | એકમદીઠ રૂા. ૩ |
| ચલિત ખર્ચા | એકમદીઠ રૂા. ૧ |
| સ્થિર ખર્ચા વાર્ષિક | રૂા. ૨૦૦૦૦૦ |

ચાલુ વર્ષ દરમ્યાન માલસામાન, મજૂરી ખર્ચા વિગેરેમાં કોઈ વધારો થવાનો અંદાજ નથી.

કંપનીને પરદેશમાંથી ૨૫૦૦૦ એકમોનો ઑર્ડર મળ્યો છે જે સ્વીકારવામાં આવે તો શીપીંગ, પેકિંગ અને કમિશન ખર્ચ ૦.૫૦ રૂા. એકમદીઠ આવે તેમ છે.

જો આ દરખાસ્ત સ્વીકારાય તો કંપનીને ફક્ત નિકાસ ઑર્ડર માટે કાચામાલની હાલની કિંમત કરતાં 30% ઓછા ભાવે કાચોમાલ મળે તેમ છે. કંપનીના કોસ્ટ એકાઉન્ટન્ટ તરીકે તમારે મેનેજીંગ ડાયરેકટરની સમક્ષ અહેવાલ રજૂ કરવાનો છે. જેમાં કંપનીએ સ્થાપિત ઉત્પાદન શક્તિ (૧૦૦%)ના દરેક એકમદીઠ રૂા. ૧૨.૦૦ના ભાવે બજારમાં વેચાણ કરતાં જે નફાનો ગાળો બાકી રહ્યો છે તે મેળવવા માટે નિકાસ ઑર્ડરના ૨૫૦૦૦ એકમોની એકમદીઠ વેચાણ કિંમત કઈ રાખવી તે શોધવાની છે.

**અથવા**

પ્ર.૨

(અ) એક કંપની હાલ ૭૫% ઉત્પાદન શક્તિએ કાર્ય કરે છે અને ૩૬૦૦૦ એકમો વાર્ષિક ઉત્પાદન કરે છે તેમના બજેટમાંથી નીચેની માહિતી મેળવવામાં આવી છે. (૦૮)

| | | |
|---|---|---|
| ઉત્પાદન શક્તિ | ૭૫% | ૧૦૦% |
| ઉત્પાદન એકમો | ૩૬૦૦૦ | ૪૮૦૦૦ |
| | (રૂા.) | (રૂા.) |
| વેચાણ | ૨૨૫૦૦૦૦ | ૨૯૦૦૦૦૦ |
| સ્થિર ખર્ચા | ૪૯૦૦૦૦ | ૪૯૦૦૦૦ |
| અર્ધચલિત ખર્ચા | ૩૫૦૦૦૦ | ૪૦૦૫૦૦ |
| ચલિત ખર્ચા | ૧૭૨૫૦૦ | ૨૩૦૦૦૦ |

એકમદીઠ મજૂરી અને માલસામગ્રી ખર્ચ ફેરફાર વિનાના રહેશે. ૭૫% ઉત્પાદન શક્તિએ વેચાણ પર નફાનો ગાળો ૧૫% છે.

ગણતરી કરોઃ

૧) ઉત્પાદન શક્તિ ૧૦૦%એ લઈ જતાં ૧૨૦૦૦ એકમોની તફાવત પડતર શોધો.

૨) વધારાના ૧૨૦૦૦ એકમોની એકમદીઠ તફાવત પડતર શોધો.

૩) એમ માનવામાં આવે છે કે સ્થાનિક બજાર કિંમત કરતાં નિકાસ કિંમત ઓછી રાખવામાં આવે છે તો આ વધારાના ૧૨૦૦૦ એકમો માટે કઈ નિકાસ કિંમત તમે સૂચવશો ?

(બ) સિમાંત પડતર અને તફાવત પડતરની વ્યાખ્યા આપી, સિમાંત પડતર અને તફાવત પડતર વચ્ચેનો તફાવત સમજાવો. (૦૭)

પ્ર.૩ શિવેન લિમિટિડનાં તા. ૩૧-૩-૧૪ અને તા. ૩૧-૩-૧૫ના રોજનાં પાકા સરવૈયાં નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | ૩૧-૩-૧૪ (રૂા.) | ૩૧-૩-૧૫ (રૂા.) | મિલકતો | ૩૧-૩-૧૪ (રૂા.) | ૩૧-૩-૧૫ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧૦ % પ્રેફ. શેરમૂડી દરેક રૂા. ૧૦૦નો એક, શેરદીઠ રૂા. ૮૦ લેખે ભરપાઈ | ૮૦૦૦૦ | - | યંત્રો | ૨૦૦૦૦૦ | ૩૫૦૦૦૦ |
| | | | મકાન | ૧૮૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ઈક્વિટી શેરમૂડી દરેક રૂા. ૧૦૦નો એક એવા પૂરા ભરપાઈ | ૩૦૦૦૦૦ | ૪૫૦૦૦૦ | રોકાણો | ૮૦૦૦૦ | - |
| | | | દેવાદારો | ૧૨૦૦૦૦ | ૧૫૦૦૦૦ |
| શેર પ્રિમીયમ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ | રોકડ સિલક | ૧૧૦૦૦૦ | ૧૪૦૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૦૦૦૦૦ | ૮૦૦૦૦ | બેન્ક સિલક | - | ૨૦૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૮૦૦૦૦ | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૯૦૦૦૦ | ૧૧૦૦૦૦ |
| ૧૫%ના ડિબેંચર | - | ૧૦૦૦૦૦ | | | |
| લેણદારો | ૪૦૦૦૦ | ૨૦૦૦૦ | | | |
| દેવી હૂંડીઓ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ | | | |
| કરવેરાની જોગવાઈ | ૩૦૦૦૦ | ૪૦૦૦૦ | | | |
| સૂચિત ડિવિડન્ડ | ૩૦૦૦૦ | ૪૦૦૦૦ | | | |
| ઘસારા ફંડ (યંત્રો) | ૮૦૦૦૦ | ૧૨૦૦૦૦ | | | |
| | ૭૮૦૦૦૦ | ૯૭૦૦૦૦ | | ૭૮૦૦૦૦ | ૯૭૦૦૦૦ |

વધારાની માહિતીઃ તા. ૩૧-૩-૨૦૧૫ના રોજ પૂરા થતા વર્ષ દરમ્યાનઃ

૧) રોકાણો, વેચાણ કિંમત પર ૨૦% નફાએ વેચ્યાં હતાં.

૨) કંપની ધારાની જોગવાઈઓને આધિન પ્રેફ. શેર મૂડી ૧૦% પ્રિમીયમે પરત કરી. આ હેતુ માટે જરૂરી રકમ રૂા. ૧૦૦૦૦૦ મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવી હતી.

૩) કંપનીએ મૂડી પરત અનામતમાંથી ૩ઃ૧ના પ્રમાણમાં બોનશ શેર આપ્યા હતા.

૪) બોનશ શેર આપ્યા પછીની શેરમૂડી પર ૮ઃ૧ના પ્રમાણમાં હક્કના શેર બહાર પાડ્યા હતા.

૫) રૂા. ૫૦૦૦૦ની મૂળ કિંમતનું એક યંત્ર, જેની ઘસારા બાદ કિંમત રૂા. ૪૦૦૦૦ હતી તે રૂા. ૫૦૦૦ની ખોટથી વેચ્યું હતું.

૬) ગયા વર્ષના આવકવેરાના રૂા. ૩૫૦૦૦ ચૂકવ્યા હતા આ ઉપરાંત ગયા વર્ષનું સૂચિત ડિવિડન્ડ પણ ચૂકવ્યું હતું.

૭) ડિબેન્ચર ૧૦% વટાવે બહાર પાડ્યા હતા.

તૈયાર કરોઃ ૧) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક ૨) ભંડોળ પ્રવાહ પત્રક

૩) જરૂરી ખાતાં

અથવા

પ્ર.૩

(અ) નીચેની બાકીઓ યંત્ર ખાતા અને ઘસારા ફંડ ખાતાને લગતી છે. (૦૫)

| તારીખ | યંત્ર ખાતું (રૂા.) | ઘસારા ફંડ ખાતું (રૂા.) |
|---|---|---|
| ૧-૪-૨૦૧૪ | ૭૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૫ | ૮૦૦૦૦૦ | ૨૪૦૦૦૦ |

એક યંત્ર રૂા. ૧૦૦૦૦૦ની ચોપડા કિંમતનું જેના પર ઘસારાની જોગવાઈ રૂા. ૬૦૦૦૦ હતી, તે યંત્ર રૂા. ૧૦૦૦૦ની ખોટથી વેચ્યું હતું.

ઉપરની વિગતો પરથી યંત્ર ખાતું અને ઘસારાફંડ ખાતું તૈયાર કરો અને ખરીદેલ યંત્રની કિંમત તથા વર્ષ દરમ્યાનના ઘસારાફંડની જોગવાઈની રકમ શોધો.

(બ) નીચેની વિગતો પરથી કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક તૈયાર કરો. (૦૫)

| જવાબદારીઓ | ૩૧-૩-૧૪ (રૂા.) | ૩૧-૩-૧૫ (રૂા.) | મિલકતો | ૩૧-૩-૧૪ (રૂા.) | ૩૧-૩-૧૫ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી | ૧૨૦૦૦૦ | ૧૩૮૦૦૦ | યંત્રો | ૨૦૭૦૦૦ | ૨૨૮૦૦૦ |
| મૂડી અનામત | ૧૨૦૦ | ૨૪૦૦ | રોકાણો | ૧૮૦૦૦ | ૧૨૦૦૦ |
| સામાન્ય અનામત | ૨૪૦૦૦ | ૨૮૫૦૦ | સ્ટોક | ૩૬૦૦૦ | ૩૩૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૧૮૦૦૦ | ૩૦૦૦૦ | દેવાદારો | ૨૭૦૦૦ | ૨૧૯૦૦ |
| ૧૫%ના ડિબેંચર | ૬૦૦૦૦ | ૩૦૦૦૦ | રોકડ સિલક | ૭૨૦૦ | ૬૬૦૦ |
| દેવી હૂંડીઓ | ૨૪૦૦૦ | ૨૭૬૦૦ | અગાઉથી ચૂકવેલ ખર્ચા | ૬૦૦ | ૭૦૦ |
| કરવેરાની જોગવાઈ | ૨૫૦૦૦ | ૩૦૮૦૦ | જાહેરાત ઉપલક ખર્ચ | ૧૦૦૦ | ૮૦૦ |
| લેણદારો | ૧૮૬૦૦ | ૧૨૭૦૦ | | | |
| ચૂકવવાના બાકી ખર્ચા | ૬૦૦૦ | ૩૦૦૦ | | | |
| | ૨૯૬૮૦૦ | ૩૦૩૦૦૦ | | ૨૯૬૮૦૦ | ૩૦૩૦૦૦ |

નોંધઃ રૂા. ૨૨૦૦૦ કરવેરા પેટે ચાલુ વર્ષે ચૂકવ્યા હતા.

(ક) કાલ્પનિક આંકડાઓ લઈને ભંડોળ પ્રવાહ પત્રક તૈયાર કરો. (પ્રાપ્તિ અને ઉપયોગ બાજુ ઓછામાં ઓછી પાંચ વિગતો) (૦૫)

પ્ર.૪ આર.કે. લિમીટેડની પાકા સરવૈયાની વિગતો નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | ૩૧-૩-૧૪ (રૂા.) | ૩૧-૩-૧૫ (રૂા.) | મિલકતો | ૩૧-૩-૧૪ (રૂા.) | ૩૧-૩-૧૫ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી દરેક રૂા.૧૦નો | | | યંત્રો (મૂ.કિં.) | ૧૦૦૦૦૦૦ | ૧૩૦૦૦૦૦ |
| પૂરો ભરપાઈ થયેલ શેર | ૪૫૦૦૦૦ | ૭૫૦૦૦૦ | - બાદ ઘસારો | - ૧૪૦૦૦૦ | - ૨૨૦૦૦૦ |
| સામાન્ય અનામત | ૩૫૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ચોખ્ખી મિલકતો | ૮૬૦૦૦૦ | ૧૦૮૦૦૦૦ |
| નફા નુકશાન ખાતું | ૧૮૦૦૦૦ | ૧૩૬૦૦૦ | રોકાણો | ૧૫૦૦૦૦ | ૧૬૫૦૦૦ |
| ૧૦%ના ડિબેંચર | ૧૦૦૦૦૦ | ૫૦૦૦૦ | સ્ટોક | ૧૨૮૦૦૦ | ૮૫૦૦૦ |
| લેણદારો | ૭૮૦૦૦ | ૧૨૬૦૦૦ | રોકડ સિલક | - | ૨૫૦૦૦ |
| દેવી હૂંડીઓ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ | અગા. ચૂકવેલ ખર્ચા | ૧૭૫૦૦૦ | ૧૮૨૦૦૦ |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | ૩૦૦૦૦ | - | | | |
| ચૂકવવાના બાકી ખર્ચા | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ | | | |
| કરવેરાની જોગવાઈ | ૫૦૦૦૦ | ૭૦૦૦૦ | | | |
| સૂચિત ડિવિડન્ડ | ૪૫૦૦૦ | ૭૫૦૦૦ | | | |
| | ૧૩૧૩૦૦૦ | ૧૫૩૭૦૦૦ | | ૧૩૧૩૦૦૦ | ૧૫૩૭૦૦૦ |

**વધારાની માહિતીઃ તા. ૩૧-૩-૧૫ના રોજ પૂરા થતા વર્ષ દરમ્યાનઃ**

૧) રૂા. ૬૦૦૦૦ના રોકાણો, રૂા. ૫૦૦૦૦માં વેચ્યાં હતાં.

૨) રૂા. ૫૦૦૦૦નું એક યંત્ર રૂા. ૪૦૦૦૦માં વેચ્યું હતું જેના પર રૂા. ૩૦૦૦૦ ઘસારાની જોગવાઈ કરેલ હતી.

૩) કંપનીએ ઈક્વિટી શેરહોલ્ડરોને, સામાન્ય અનામતમાંથી ૩ઃ૧ના પ્રમાણમાં બોનશ શેર આપ્યા હતા.

૪) બોનશ શેર આપ્યા પછીની ઈક્વિટી શેરમૂડી પર ૪ઃ૧ના પ્રમાણમાં હક્કના શેર તરીકે ઈક્વિટી શેર બહાર પાડ્યા હતા.

૫) રૂા. ૪૫૦૦૦ ગયા વર્ષના કરવેરા પેટે ચૂકવ્યા હતા અને ગયા વર્ષનું સૂચિત ડિવિડન્ડ પણ ચૂકવ્યું હતું.

૬) વચગાળાનું ડિવિડન્ડ રૂા. ૩૦૦૦૦ ચૂકવ્યું હતું.

**તૈયાર કરોઃ**

૧) રોકડ પ્રવાહ પત્રક

૨) કામગીરીમાંથી મળતી રોકડ દર્શાવતું પત્રક

૩) જરૂરી ખાતાં

**અથવા**

પ્ર.૪

(અ) રોકડ પ્રવાહ પત્રક એટલે શું ? તેની ઉપયોગિતા અને મર્યાદાઓ સમજાવો. (૦૭)

(બ) ભંડોળ પ્રવાહ પત્રક અને રોકડ પ્રવાહ પત્રક વચ્ચેનો તફાવત સમજાવો. (૦૮)

☺☺☺☺☺